વર્ષ – ૨૦૨૪/૨૫

# બાળમેળો ફાઈલ

## બાળમેળો અને
## લાઇફસ્કીલ મેળો ફાઈલ



શાળાનું નામ : ................................

તાલુકો : ............ જિલ્લો : ...............

# બાળમેળો અને લાઈફસ્કીલ મેળો

બાળમેળા અને લાઈફસ્કીલમેળાના આયોજન અંતર્ગત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં ભલામણ કરી છે કે "કલા, ક્વીઝ, રમત ગમત અને વ્યાસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવે અને આ બેગલેસ દિવસના ભાગ સ્વરૂપે ધોરણ 1 થી 5 ના વિધાર્થીઓ માટે એક દિવસ બાળમેળા અને ધોરણ 6 થી 8 ના વિધાર્થીઓ માટે એક દિવસ જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવાનું થાય છે.

સદર બાબતે જી.સી.ઇ.આર.ટી. દ્વારા વિધાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી થાય તે માટે દર વર્ષે બાળમેળાની પ્રવૃત્તિ બે વિભાગમાં આયોજિત કરવામાં આવે છે. જે પૈકી ધોરણ 1 થી 5 ના વિધાર્થીઓ માટે બાળમેળા અને ધોરણ 6 થી 8 ના વિધાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે.

આ બાળમેળા અને લાઇફસ્કીલ (જીવન કૌશલ્ય) આધારીત બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા વિધાર્થીઓ બાળવાર્તા, માટીકામ, રંગપૂરણી, હસ્તકલાની કામગીરી, ચીટકકામ, કાગળકામ, ગળીકામ, બાળવાર્તા આધારિત નાટક, વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી જેવી વિવિધ પ્રવૃત્તિઓ અને રમતોના માધ્યમથી વિધાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

તો અમારી શાળામાં આ વર્ષે પણ બાળમેળા અને લાઇફ સ્કીલ મેળા યોજવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે.



SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

# બાળમેળો અને લાઈફસ્કીલ મેળો

"બાળમેળો" એ શબ્દ આજે ગુજરાતની ગલીએ આવેલી પ્રાથમિક શાળાના બાળક માટે જાણે આનંદદાયી અને પ્રવૃત્તિમય શિક્ષણનો પર્યાય બની ગયો છે. કુદરતનાં જ બીજા સ્વરૂપ બાળકના આનંદ અને વિકાસની વાતોને પ્રગતિના પંથે દોરવાનું આગોતરું પગલું એટલે બાળમેળો.

'બાળમેળો' એ શબ્દ આજે ગુજરાતની ગલીએ ગલીએ આવેલી પ્રાથમિક શાળાના બાળકો માટે જાણે આનંદદાયી અને પ્રકૃતિમય શિક્ષણનો પર્યાય બની ગયો છે. બાળકના શારીરિક અને માનસિક વિકાસનું જેટલું મહત્વ છે તેથી વિશેષ મહત્વ છે તેના જીવનના વિકાસનું જીવનના વિકાસની કેળવણી માટેના ઉત્તમ માધ્યમો છે જીવન કૌશલ્યો...

બાળકમાં રહેલી શક્તિઓને પારખવાનું અને તેના ધ્વારા જીવનના ઉત્તમ વિકાસ માટે પુરતી તક પૂરી પાડવાનું ઉત્તમ સ્થાન એટલે જીવન કૌશલ્ય આધારિત બાળમેળો. જીવન કૌશલ્ય શિક્ષણ એટલે જીવનમાં આગળ વધવા માટે સફળ, સુખમય, શાંતિમય, અને સ્વસ્થ જીવન ઘડતર માટે અને સતત વિકાસશીલ રહેવા માટે જરૂરી એવા કૌશલ્યો જીવન શૈલીમાં ઉતારતું શિક્ષણ...

જીવન કૌશલ્યો એટલે એવા કૌશલ્યો કે બાળકમાં રહેલી શક્તિઓ, આવડતો કે જે બાળકને રોજિંદા જીવનના પડકારો હકારાત્મકતાથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરીયાતોને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સક્ષમ બનાવે છે.

વિચાર કરીએ....... વિકાસ કરીએ......

કૌશલ્યો ઓળખી..... બાળકને કંચન કરીએ...






SHIKSHAN SAGAR APPLICATION 2024-25

# જીવન કૌશલ્ય આધારિત બાળમેળો (ધો. ૬ થી ૮)

## પ્રસ્તાવના

"હર રુહ સે નિકલતી હૈ હવા અપને પૈગામ લેકર
મેં અદબ કરતાં હું, ઈજ્જત કરતા હું,
યહાઁ મૌજૂદ હર ચહેરે કો અપને લાખ સલામ દેકર"

પથ્થર યુગનાં માનવીથી શરૂ કરી મહામાનવ બનવા પ્રયત્ન કરતાં આજનાં આધુનિક યુગના મનુષ્યનાં ઈતિહાસ તરફ દ્રષ્ટિપાત કરતાં એક હકીકત સ્પષ્ટ થાય છે કે પ્રાચીન યુગમાં બળદગાડામાં મુસાફરી કરતો માણસ આજે હવાઈ સફર કરતો થયો છે. તૂટ્યા-ફૂટ્યા ઝૂંપડાઓમાં રહેતો માનવી આજે મહેલોમાં રાચતો થયો છે. પ્રાચીન કાળમાં કાચું માંસ ખાતો માનવી આજે બત્રીસ પકવાન જમતો થયો છે. વૃક્ષની છાલ અને પાંદડા પહેરતો માનવી આજે પશ્ચિમી સંસ્કૃતિનાં જીન્સ પહેરતો થયો છે.કાળામાથાના માનવીએ આટ-આટલી પ્રગતિઓ કરી તેમ છતાં આજે એને માણસ બનવા માટે શાળાઓનાં શરણાર્થી થવું પડ્યું છે.

કોલક નદીનાં ઉદ્‌ગમ સ્થાન એવા કપરાડા વિસ્તારથી, ધરમપુરનાં ડુંગરો ઓળંગતા ઓળંગતા પારડીના પગથિયા ચડીને પારસીઓના પ્રારંભ સ્થાન એવા સંજાણ-ઉમરગામ વિસ્તારનાં યોગ્યતા બતાવતી એવી વિવિધ પ્રવૃતિઓનું સંકલન કરીને બાળમેળા તેમજ જીવન કૌશલ્યનાં જી.સી.આર.ટી નાં વિચારને પ્રાધાન્ય આપતું બાળકોનાં જીવનને ખુશીઓથી ભરી દે તેવું અદભૂત પ્રવૃતિઓનું સંકલન રજૂ કરતાં અમે સૌ હર્ષની લાગણી અનુભવીએ છીએ. એટલે જ લખવાનું મન થાય.

" કહેવા નથી જીંદગીના ઝખમ અમે તો મનની વાત લખવા આવ્યા છીએ.
જોઈ હશે બધાએ અમાસની રાત પણ અમે તો પૂનમાં ચાંદ જેવા
બાળમેળાની વાતને લઈએ આવ્યા છીએ."

બાળકો સ્વયં કુદરતનું નવલું સર્જન તો છે જ સાથે-સાથે તેઓ ભરપુર સર્જનાત્મકતા અને ઉર્જાથી હર્યા-ભર્યા હોય છે. જરૂર છે માત્ર તેમની સર્જન શકિતને યોગ્ય દિશામાં વાળીને પ્રવાહિત કરવાની તથા એમની થનગનતી ઉર્જાને મોકળું મેદાન આપવાની જો આ મોળા મેદાનમાં બાળક પાપા પગલી ભરે તો તેની સર્જનાત્મકતા તરફ ડગ ભરવાનું શરૂ કરી દે છે. જેના ઉદેશથી ગુજરાતની સરકાર બાળાકો માટે અવનવા કાર્યક્રમો લાવે છે. જેના એક ભાગ રૂપે શાળા કક્ષાએ બાળમેળાનું પણ આયોજન કરવામાં આવે છે. જેમાં બાળકો પોતાની સુષુપ્તશકિતને બહાર લાવી શકે છે, જે દિવસે બાળક શિક્ષણ સિવાયની ઈત્તર પ્રવૃત્તિઓને મન ભરીને માણી શકે છે.

SHIKSHAN SAGAR APPLICATION 2024-25

# બાળમેળાના મુખ્ય હેતુઓ

- વિદ્યાર્થીઓ વિવિધ આનંદદાયી પ્રવૃતિઓ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે.
- વિદ્યાર્થીઓમાં સહકાર, નેતૃત્વ, લોકશાહીની ભાવના, સાહસિકતા વગેરની ખિલવણી થાય.
- વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને મૌલિકતા વિકસે.
- વિદ્યાર્થીઓમાં જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવાય.
- વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓ બહાર આવે.
- વિદ્યાર્થીઓની મનોસામાજીક માવજત થાય.

# લાઈફસ્કીલમેળાના મુખ્ય હેતુઓ

- વિદ્યાર્થીઓ રોજિંદા જીવનના પડકારોને હકારાત્મકથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા વિવિધ કૌશલ્ય કે આવડત પ્રાપ્ત કરી શકે.
- જીવનકૌશલ્યો થકી વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતાઓને ખીલવી તેમના વ્યક્તિત્વની સર્વાંગી વિકાસ સાધી સ્વસ્થ, સફળ, સુખમય અને શાંતિમય જીવન જીવતાં શીખે.
- વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓનું વાસ્તવિક જીવન સાથે અનુબંધ જોડાશે તેમજ વધુ ઉન્નત અને બહેતર જીવન જીવવા તૈયાર થાય.
- પોતાના રોજિંદા જીવનમાં નાના – મોટા પ્રશ્નો જાતે હલ કરવાથી સ્વાવલંબી બને.
- શાળા અને સમાજ વચ્ચેનો નાતો વધુ વિકસે.



SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

# બાળમેળા માટે સૂચિત પ્રવુત્તિઓ (ધો. ૧ થી ૫)

બાળવાર્તા, બાળવાર્તા આધારિત નાટક, માટીકામ, છાપકામ, કાતરકામ, ચીટકકામ, ચિત્રકામ, ગડીકામ, રંગપૂરણી, કાગળકામ, 1 થી 5 બાળ રમતો, એક મિનિટ, પઝલ્સ, હાસ્ય દરબાર, ગીત-સંગીત-અભિનય, પપેટ શો, ગણિત ગમ્મત, વેસ્ટમાંથી બેસ્ટ, વિજ્ઞાનના સાદા પ્રયોગો, વેશભૂષા વગેરે પ્રવૃત્તિઓ યોજી શકાશે.

# લાઈફ સ્કીલ બાળમેળા માટે સૂચિત પ્રવુત્તિઓ

## (ધો. ૬ થી ૮)

ફ્યુઝ બાંધવો, સ્ક્રૂ લગાવવો, કુકર બંધ કરવું, ખિલ્લી લગાવવી, ટાયરનું પંચર રીપેર કરવું, શરીરની સ્વચ્છતા, વ્યસનથી થતું નુકસાનની સમજ, હાથ ઉપર મહેંદી લગાવવી, વેસ્ટ માંથી બેસ્ટ બનાવવું, રંગોળી બનાવવી વગેરે જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યોનો સમાવેશ કરી શકાય.

શાળા અને સમાજનું જોડાણ વધે તે હેતુસર ધ્વજ વંદન માટેની પ્રવિધિનો સ્ટોલ, મેટ્રિક મેલા અંતર્ગત આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવીકે આનંદમેળા, વસ્તુસામગ્રી વેચાણ સ્ટોલ, વ્યવહારમાં ગણિતનો ઉપયોગ વધે તે હેતુસર બાળકોના વજન/ઉંચાઇ માપવી, સર્વાંગી શિક્ષણ ના પાઠ્યપુસ્તકમાં શા.શિ. ના એકમોમાં આપેલા મેદાનના માપ મુજબ મેદાન દોરાવવાની પ્રવૃત્તિ જેવી પ્રવૃત્તિઓ યોજી શકાશે.






SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

# “ટોક શો” ના સૂચિત વિષયો

(૧) મારા સપનાનું ભારત
(૨) મારી શાળા મારા વિચારો
(૩) પર્યાવરણ બચાવો દેશ બચાવો
(૪) મારી સામાજિક ફરજ
(૫) સ્વાથ્ય અને સુખાકારી
(૬) ટ્રાફીક અવેરનેશ,
(૭) પોક્ષણયુક્ત ખોરાકનો સ્વીકાર
(૮) મારી સલામતી સૌની સલામતી,
(૯) આપણો સાંસ્કૃતિક વારસો
(૧૦) આપણા ઉત્સવો
(૧૧) ઇન્ટરનેટ અને ટેકનોલોજી – આશીર્વાદ કે અભિશાપ
(૧૨) એક ભારત શ્રેષ્ઠ ભારત
(૧૩) મારૂ કૌશલ્ય – મારું ભવિષ્ય





## (૧) બાળમેળા માટે સૂચિત પ્રવૃત્તિઓ :

| કક્ષા | ધોરણ | બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃતિઓ |
|---|---|---|
| પ્રાથમિક કક્ષા | 1 થી 5 | બાળવાર્તા, બાળવાર્તા આધારિત નાટક, માટીકામ, છાપકામ, કાતરકામ, ચીટકકામ, ચિત્રકામ, ગડીકામ, રંગપૂરણી, કાગળકામ, બાળ રમતો, એક મિનિટ, પઝલ્સ, હાસ્ય દરબાર, ગીત-સંગીત- અભિનય, પપેટ શો, ગણિત ગમ્મત, વેસ્ટમાંથી બેસ્ટ, વિજ્ઞાનના સાદા પ્રયોગો, વેશભૂષા વગેરે પ્રવૃત્તિઓ યોજી શકાશે. |

SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

# (૧) (બાળમેળો) લાઈફસ્કીલ (જીવનકૌશલ્ય)

## બાળમેળો માટે સૂચિત પ્રવૃત્તિઓ :

| કક્ષા | ધોરણ | લાઇફ સ્કીલમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃતિઓ |
|---|---|---|
| ઉચ્ચ પ્રાથમિક કક્ષા | 6 થી 8 | ફ્યુઝ બાંધવો, સ્ક્રૂ લગાવવો, કુકર બંધ કરવું, ખિલ્લી લગાવવી, ટાયરનું પંચર રીપેર કરવું, શરીરની સ્વચ્છતા, વ્યસનથી થતું નુકસાનની સમજ, હાથ ઉપર મહેંદી લગાવવી, વેસ્ટ માંથી બેસ્ટ બનાવવું, રંગોળી બનાવવી વગેરે જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યોનો સમાવેશ કરી શકાય.<br>શાળા અને સમાજનું જોડાણ વધે તે હેતુસર ધ્વજ વંદન માટેની પ્રવિધિનો સ્ટોલ, મેટ્રિકમેલા અંતર્ગત આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવીકે આનંદમેળા, વસ્તુસામગ્રી વેચાણ સ્ટોલ, વ્યવહારમાં ગણિતનો ઉપયોગ વધે તે હેતુસર બાળકોના વજન/ઉંચાઇ માપવી, સર્વાંગી શિક્ષણ ના પાઠ્યપુસ્તકમાં શા.શિ. ના એકમોમાં આપેલા મેદાનના માપ મુજબ મેદાન દોરાવવાની પ્રવૃત્તિ જેવી પ્રવૃત્તિઓ યોજી શકાશે. |



SHIKSHAN SAGAR
APPLICATION
2024-25




# પ્રવુત્તિ સ્ટોલ

## ધોરણ ૧ થી ૫



| | સ્ટોલમાં કરવાની પ્રવુત્તિઓ | માર્ગદર્શક શિક્ષકો |
|---|---|---|
| ૧ | માટીકામ, વેસ્ટમાંથી બેસ્ટ ના નમુના, દીવાસળી ખાલી પેટીમાંથી આગગાડી , વોલપીસ | |
| ૨ | રંગોળી કામ, મકાઈ-બાજરી માંથી નમુના, કોલાઝ વર્ક, માર્બલ પ્રિન્ટ | |
| ૩ | કાતરકામ, કાગળકામ, છાપકામ, ટોપી બનાવવી, તોરણ બનાવવા, શૈક્ષણિક નમુના બનાવવા | |
| ૪ | અક્ષર લેખન, ટપકા જોડવા, એક મિનીટ શો, પેન્સિલની શેડ, રંગ પુરણી | |
| ૫ | ગણિત ગમ્મત, બાળ અભિનય ગીત, જાદુ, બાળ રમત, ચિત્રોમાં રંગ પુરાવા | |





SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

# લાઈફસ્કીલ પ્રવૃત્તિ

## આયોજન (ધોરણ ૬ થી ૮)

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education

| વિભાગ | નામ | પ્રવૃત્તિ | માર્ગદર્શક શિક્ષક |
|---|---|---|---|
| ૧ | સ્વચ્છતા, સ્વજાગૃત્તિ અને સુશોભન | પાણી બચાવો, ફૂલોની માળા, આસોપાલવનું તોરણ, રંગોળી, બનાવવી, રૂમાંથી દિવેટ બનાવવી, ઊંચાઈ અને વજન માપન | |
| ૨ | સર્જનાત્મકતા | કાગળકામ, (હોડી, વિમાન, કેમેરા, ફરકડી, ટોપી) માટીકામ, વેસ્ટ માંથી બેસ્ટ, ચીટકકામ | |
| ૩ | ચાલો શીખીએ | શાક સમારવું કાગળના પડીકા બનાવવા, ગેસ સીલેન્ડર જોડવો, કાગળને પંચ કરી ફાઈલ કરવા, ગજ બટન ટાંકવા, ફ્યુઝ બાંધવો, ટાયર પંચર કરવું, સ્ક્રુ ફીટ કરવા, બંગળી બનાવવી, હેર સ્ટાઈલ કરવી, મેંદી મુકવી, કોન બનાવવા, ભરત ગુંથણ | |
| ૪ | પર્યાવરણ ને જાણો, માણો અને જાળવો | પર્યાવરણને બચાવવાના સુત્રો, ખેતીના ઓજારોની સમજ, પશુ - પક્ષીઓની ઓળખ, વનસ્પતિઓનાં ઉપયોગની સમજ, પક્ષીઘર - માળા બનાવવા, પર્ણ પોથી, શાળા, મેંદાન, વર્ગ, ટોઇલેટ સ્વચ્છતા | |
| ૫ | વાંચન, લેખન, અવલોકન | સમાચાર પત્રોના કટિંગ/વાંચન, મહાપુરુષોના પ્રેરક પ્રસંગોનું વાંચન, બુલેટન બોર્ડનું વાંચન/અવલોકન, રજા ચિઠ્ઠી/અરજી લેખન, પુસ્તક પ્રદર્શન | |
| ૬ | હળવાશની પળોમાં | વિવિધ મહોરા બનાવવા, કાર્ટુન ચિત્રોમાં રંગ પુરવો, કોમેડી વિડીઓ કલીપ બતાવવી, જોક્સ બોલવા, દેશભક્તિ ગીત, અભિનય ગીત રજુ કરવું, વેશભૂષા કરવી | |
| ૭ | સામાન્ય જ્ઞાન અને સમસ્યા ઉકેલ | ફાયર સેફટીની જાણકારી, ટ્રાફિકના નિયમો, ગ્રાહક સુરક્ષા, પોલીસ મદદ, ૧૦૮ નું પ્રદર્શન, તર્ક આધારિત કોયડા અને રમતો, (ભૂલ-ભુલામણી, ઉખાણા) સામાન્ય જ્ઞાનની ૧૦ ગુણ ની કસોટી, અગત્યના હેલ્પ લાઈન નંબરોની જાણકારી | |
| ૮ | સમૂહ જીવન અને બાલ પ્રદર્શન | શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન, સફાઈના સાધનોનું પ્રદર્શન, વિવિધ પ્રવૃતિઓના નમુનાઓનું પ્રદર્શન, જૂના સિક્કાઓનું/નોટોનું પ્રદર્શન | |

SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

# બાળકો પ્રવુત્તિઓ કરતા હોય તેવા ફોટોગ્રાફ્સ

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education
SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education

# બાળકોના પ્રતિભાવો



SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

# વાલીઓના પ્રતિભાવો

shikshansagar.com
The King of Education
શિક્ષણ સાગર

SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

# SMC સભ્યોના પ્રતિભાવો

SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

# બાળમેળાનો અહેવાલ

## વર્ષ – ૨૦૨૪/૨૫



સવિનય જય ભારત સહ જણાવવાનું કે ચાલુ વર્ષ 2024-25 માં રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં જી.સી.ઈ.આર.ટી. દ્વારા વિધાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોની ખીલવણી થાય તે માટે દર વર્ષે બાળમેળો તથા લાઈફ સ્કીલ મેળાનું આયોજન કરવામાં આવે છે. જેથી કરી બાળકો વિવિધ આનંદદાયી પ્રવુત્તિ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે. બાળકોમાં સહકાર, નેતૃત્વ, લોકશાહીની ભાવના, સાહસિકતા વગેરેની ખીલવણી થાય. તેમજ લાઈફ સ્કીલ મેળા દ્વારા રોજીંદા જીવનના પડકારોને હકારાત્મક જીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતોને કુશળતા પૂર્વક પૂર્ણ કરવા વિવિધ કૌશલ્ય કે આવડત પ્રાપ્ત કરે તથા જીવન કૌશલ્ય થકી વિધાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતાઓને તેમના વ્યક્તિત્વની સર્વાંગી વિકાસ સાધી સ્વસ્થ, સફળ, સુખમય અને શાંતિમય જીવન જીવતા શીખે તે હેતુસર એક દિવસીય બાળમેળો તથા લાઈફ સ્કીલ મેળો યોજવામાં આવે અમારી પ્રાથમિક શાળા ખાતે બાળમેળો તથા લાઈફ સ્કીલ મેળો યોજવામાં આવ્યો તેની વિગતે માહિતી નીચે મુજબ છે.



SHIKSHAN SAGAR APPLICATION 2024-25

આજ રોજ પ્રાર્થના સંમેલનમાં બાળમેળા વિષે આચાર્ય શ્રી એ સમજ આપી. બાળમેળા ના હેતુઓની સમાજ આપી. ત્યાર બાદ બાળમેળા ની શરૂઆત કરવામાં આવી.

શાળામાં વિવિધ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા. જેમાં માટીકામ, વેસ્ટ માંથી બેસ્ટ ના નમુના, દીવાસળી ની ખાલી પેટીમાંથી આગગાડી, વોલપીસ પ્રવુત્તિઓ બાળકોને કરવામાં આવી. બાળકોએ સુંદર મજાના રમકડા બનાવ્યા. બટાકાની છાપો પાડી. ચિત્રોમાં સરસ મજાના રંગો પૂર્યા. વિવિધ રંગોથી સરસ રંગોળી બનાવી. કોલાજવર્ક ની પ્રવુત્તિ કરવામાં આવી. બાળકોએ સુંદર રીતે ગુંદર કે ફેવિકોલ ની મદદથી કોલાજવર્ક ના નમુના બનાવ્યા. કાગળમાંથી જુદી જુદી ટોપીઓ બનાવી. કાગળમાંથી હોડીઓ તથા વિમાન બનાવ્યા. બાળ રમતો અને બાળગીતો પણ બાળકોને ગવડાવવામાં આવ્યા. બાળકોને લંગડી, કુકડા ફાઈટ, કેટલા રે કેટલા જેવી રમતો રમાડવામાં આવી. બાળકોને મજાના ગીતો ગવડાવામાં આવ્યા. બાળકોએ સુંદર અભિનય ગીતો પણ ગાયા. બાળકોએ બનાવેલું નમૂનાનું પ્રદર્શન યોજવામાં આવ્યું.



એસ. એમ. સી. સભ્યો તથા હાજર વાલીઓ એ પ્રદર્શન નિહાળ્યું હતું. સારા નમુના બનાવનાર બાળકોને પ્રોત્સાહિત ઇનામ આપવામાં આવ્યું. આમ આજનો દિવસ બાળકો માટે ખુબ જ મજાનો રહ્યો હતો. બાળકોએ ખુબ ઉત્સાહથી વિવિધ પ્રવુત્તિઓ કરી

SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

હતી. બાળકોના ચહેરા પર ખુશી વર્તાતી હતી. કઈક કર્યાનો આનંદ વર્તાતો હતો.

બાળમેળો એ ભાગ લેનાર બાળકો માટેની આનંદયાત્રા છે. તથા તેના સર્વાંગી વિકાસ માટેનો અવસર છે. એનાથી બાળકના મનમાં વિકાસ માટેની અલગ-અલગ દિશા ખૂલે છે. જે તેના ભવિષ્ય માટે તેના મનમાં કશાકનું અર્પણ કરી જાય છે. આ બીજ રોપણ ભવિષ્યમાં વૃક્ષ બની પાંગરે છે. બાળમેળા એ તો બાળકોને અભિવયકિત થવાનો કાર્યક્રમ છે. બાળકોમાં પડેલી સુષુપ્ત શકિતઓને જાગૃત કરવાનો કાર્યક્રમ છે. બાળકોમાં આત્મશ્રધ્ધા અને આત્મવિશ્વાસ પ્રેરવાથી કાર્યશીલતા સંતોષાય છે. સામૂહિક ભાવના વિકસે છે. વિચાર શકિત વિકસે છે. તેમનામાં મૂલ્યોનું ઘડતર થાય છે અને અત્મવિશ્વાસ વધે છે. આ પ્રકારના બાળમેળા જી.સી.ઇ.આર.ટી. દ્વારા ગુજરાત રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળામાં યોજાય છે. પરિણામે નાંમાકન, સ્થાયી કરણ અને ગુણવત્તા સુધારણા વધવા પામી છે.





SHIKSHAN SAGAR APPLICATION 2024-25

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે મોજે પ્રાથમિક શાળા ....................................તા-..............જી-.................માં વર્ષ – ૨૦૨૪/૨૫ ના ધોરણ ૧ થી ૫ ના બાળમેળા અંતર્ગત ગ્રાન્ટ પેટે રૂ. ________ અંકે રૂપિયા ___________પુરા મળેલ છે જેનો ઉપયોગ ધોરણ ૧ થી ૫ ના બાળમેળાની પ્રવુત્તિઓની સાધન સામગ્રી ખરીદવામાં કરેલ છે. જેના બીલ તથા વાઉચર શાળા કક્ષાએ ઉપલબ્ધ છે જે બદલ આ પ્રમાણપત્ર આપેલ છે.

સ્થળ :-

તા :- આચાર્ય શ્રી

# ખર્ચ પત્રક

| ક્રમ | તારીખ | બીલ કોની પાસેથી લીધું | બીલની વિગત | વા. નંબર | રકમ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

SHIKSHAN SAGAR APPLICATION 2024-25

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે મોજે પ્રાથમિક શાળા ....................................તા-..............જી-..................માં વર્ષ – ૨૦૨૪/૨૫ ના ધોરણ ૬ થી ૮ ના બાળમેળા અને લાઈફસ્કીલ (જીવન કૌશલ્ય) અંતર્ગત ગ્રાન્ટ પેટે રૂ. ________ અંકે રૂપિયા ___________પુરા મળેલ છે જેનો ઉપયોગ ધોરણ ૬ થી ૮ ના બાળમેળા અને લાઈફસ્કીલની પ્રવુત્તિઓની સાધન સામગ્રી ખરીદવામાં કરેલ છે. જેના બીલ તથા વાઉચર શાળા કક્ષાએ ઉપલબ્ધ છે જે બદલ આ પ્રમાણપત્ર આપેલ છે.

સ્થળ :-

તા :- આચાર્ય શ્રી

# ખર્ચ પત્રક

| ક્રમ | તારીખ | બીલ કોની પાસેથી લીધું | બીલની વિગત | વા. નંબર | રકમ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

shikshansagar.com શિક્ષણ સાગર The King of Education

SHIKSHAN SAGAR APPLICATION 2024-25






shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education
SHIKSHAN SAGAR APPLICATION 2024-25

# SHIKSHAN SAGAR
## (શિક્ષણ સાગર)
## એપ્લીકેશન ની વિશેષતા

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

| આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે. | ૧. ટીચર ૨. વિદ્યાર્થી ૩. ટીચર હેલ્પ ડેસ્ક |
|---|---|

ટીચર – ઓનલાઈન હાજરી, MDM હાજરી, SAS ગુજરાત, ગુણોત્સવ પોર્ટલ, જ્ઞાનકુંજ પ્રોજેક્ટ, GSHALA લોગીન, આધાર ડાયઝ એન્ટ્રી, શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી, ખેલ મહાકુંભ એન્ટ્રી, ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી, CPF ચેક કરો, ઓનલાઈન PLI – LIC ભરો.

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક, પાઠ આયોજન, શિક્ષક આવૃત્તિ, સ્વ અધ્યયનપોથી, ઓનલાઈન MCQ, યુનિટ ટેસ્ટ, એકમનું સ્વાધ્યાય, MP3 કાવ્ય, અધ્યયન નિષ્પતી, અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો, સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ, તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો, તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો, મૂંઝવણ અને માર્ગદર્શન.

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

Download
શિક્ષણ સાગર
APPLICATION